





કયારેક ભાવવધારાનું ત્રાટકે છે વાવાઝોડું!
કયારેક કર વધારાનું ઝાટકે છે વાવાઝોડું!
વાટકે છે પ્રજા જીવનને જીવે છે ઝૂરી ઝૂરી -
શોષણ, દંભ છતાંય સેવા નાટકે છે વાવાઝોડું!!

આવી લાગે છે!
હારવા માટે, ટીમ -
વેસ્ટ ઇન્ડીઝ!!
(ફીક્સીંગ નથી ને?!)

વસ્ત્રાહરણ
કરનારા ખૂદ જ
થઇ ગયા નગ્ન!
(તહેલકા મચી ગયો)




## ચિંતન

**અવજ્ઞા ત્રુટિતં પ્રેમ નવી કર્તું ક ઇશ્વરઃ ।**
**સંધિ ન યાનિ સ્ફુટિતં લાક્ષાલેપેન મૌક્તિકમ્ ॥**

સુભાષિત રત્નભાંડાગારના બીજા પ્રકરણ-નામે 'સામાન્યનીતિ'નો આ શ્લોક છે :

'અવજ્ઞા (સતત ઉપેક્ષા) ને કારણે વિચ્છેદ થઇ ગયેલો-તૂટેલો પ્રેમ ફરી નવા બનાવવા, નવેસરથી શરૂ કરવા કોણ સમર્થ છે? - ઇશ્વર પણ નહી, મોતી એકવાર તૂટ્યા પછી 'લાખ'નો લેપ (ફેવીકોલ)થી પણ જોડી શકાતું નથી - સંધાતું નથી.'

પ્રેમમાં ત્યાગ-સમર્પણ-સમજણ અને ક્ષમા સાથે સાનુકૂળ થવાનું ખૂબ જ મહત્ત્વ છે, મિત્રો હોય છે પતિ-પત્ની-પ્રેમી, ધંધાદારી સંબંધો હોય કે ભાગીદારીના-જો સાતત્યથી પ્રેમ-પ્રવાહ ચાલુ રાખવો હોય તો આટલી બાબતો પ્રત્યે સતત જાગૃત રહેવું જોઇએ છે તો જ અસ્ખલિત-વિચ્છેદ થયા વિના પ્રેમનું ઝરણું વહેતું રહેશે.

પરંતુ, શંકા-ક્રોધ-વાણીના આઘાત અને અવહેલનાથી પ્રેમમાં ઓટ નહીં એ હૃદયથી વિચ્છેદ થઇ જાય છે પ્રેમનો તાર-તાંતણો તૂટી જાય છે પછી એ સંધાવો શક્ય નથી કોઇ પ્રયત્ન કરે તો પણ જીવનભરની 'ગાંઠ' તો રહે જ છે - પરંતુ એ નવેસરથી 'અસ્ખલિત-નિર્મળ-નિઃસ્વાર્થ-પ્રેમ ફરીથી મળતો નથી-બાહ્ય દેખાવ કે ઉપરછલો હોય પણ - 'પ્રથમ દૃષ્ટિ'ના જેવો ફરી થતો નથી - અહીં તો ઇશ્વર પણ 'શક્તિમાન' નથી કહ્યું છે.

## સુવિચાર

- જગતમાં દરેક જીવને ખુશી પ્રિય છે... જે પોતાની ખુશી માટે બીજા જીવને મારે છે એ કયારેક ખુશ નથી રહી શકતો **- બુદ્ધ**
- કંઇક શીખવા માટે જીવશું તો છેવટે બીજું કંઇ નહીં પણ જીવતા તો શીખી જ જઇશું **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં એટલા પણ આગળ ન વધવું કે પાછળ નજર કરો તો કોઇ જ ન હોય **- રાજચંદ્ર**
- આપણું બોલેલું કદાચ સારૂ કામ ન કરી શકે.. પણ, આપણું સારૂં કામ હંમેશા સારૂં બોલી જશે **- ધર્મસૂત્ર**
- આપણી દાનત ચમત્કારિક રીતે આપણો સ્વભાવ બની જાય છે **- બાણભટ્ટ**
- 'પ્રસાદ' એટલે પ્ર = પ્રભુ... સા = સાક્ષાત્, દ = દર્શન... **- ડોંગરેજી**
- વાંચનથી વિચાર બદલાય, વિચારથી વ્યવહાર, વ્યવહારથી વ્યક્તિ, વ્યક્તિથી સમાજ, સમાજથી દુનિયા બદલાય છે, માટે દુનિયા બદલવા વાંચન વધારવું જરૂરી છે **- ડો. ગુણવંત શાહ**

## બોધ કથા

જેમ સાચો ધર્મ દયા-દાન-પ્રેમ-કરૂણા-સેવા-વાત્સલ્ય જેવાં આચરણમાં છે ધર્મગ્રંથોમાં નહીં તેમ ઇશ્વર દર્શન, પ્રકૃતિ વન-જંગલ-પંખીઓના કલરવ, નદી-ઝરણાં-સમુદ્ર-પર્વતો અને ચાંદનીમાં છે. આપણે યાત્રાઓ અને પ્રકૃતિવર્ણનના પુસ્તકો વાંચી એમાં 'કુદરત'ને શોધીએ છીએ એ યોગ્ય નથી.

કવિવર ટાગોર રવીન્દ્રનાથ પ્રકૃતિનું દર્શન કરવા કાશ્મીર ગયા અને હાઉસબોટમાં એક રૂમમાં મોટી મીણબત્તીના પ્રકાશમાં 'પ્રકૃતિ' પરનું કોઇક પુસ્તક મોડે સુધી વાંચતા રહ્યા... પછી મીણબત્તી હોલવી સૂવાની તૈયારી કરવા લાગ્યા ત્યાં તો બારી-બારણામાંથી પૂનમની ચાંદનીના પ્રકાશથી આખો ખંડ ભરાઇ ગયો. ટાગોર બહાર તૂતક પર આવ્યા અને ચાંદની-પૂનમનો પ્રકાશ જોઇ ખીલી ઊઠયા અને ચાંદનીમાં નાહવા લાગ્યા..

...પછી એમણે પોતાની ડાયરીમાં લખ્યું : 'હું પણ કેવો મૂરખ છું કુદરતી સૌંદર્ય, મીણબત્તીના પ્રકાશમાં - પુસ્તકમાં જ શોધતો રહ્યો. આ મીણબત્તીએ જ મને ચાંદનીના સૌંદર્યથી અલગ કરી દીધો.'


Email - sureshchandrabhatt18@gmail.com

# વૈવિધ્યભરી સામગ્રી અને નિર્મળ હાસ્યની નિબંધીકાઓનું નવલું નજરાણું

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

હાસ્ય મનુષ્ય જાતિને કુદરત તરફથી મળેલું અનુપમ વરદાન છે. આ સકળ જીવસૃષ્ટિમાં માણસને માત્ર માણસ જ ખડખડાટ હસાવી શકે છે. હાસ્ય મનુષ્ય ચિત્તને નિર્મળ બનાવે છે. હાસ્ય રસની કૃતિઓ આનંદ આપવાની સાથે જીવનને વિમલ બનાવવામાં સહાયરૂપ થાય છે. અન્ય રસની કૃતિઓમાં જેમ જીવનનું પ્રતિબિંબ પડે છે તેમ હાસ્યરસની કૃતિઓમાં પણ પડે છે. હાસ્યરસની કૃતિઓ મનુષ્ય જીવનની વિસંગતિનું વર્ણન કરે છે. પણ એમાં માણસ માત્ર માટે સમભાવ હોય છે. હાસ્યકાર પોતે અન્ય મનુષ્યોમાંનો એક જ છે એમ સમજે છે ને સ્વીકારે છે. એટલે એ પોતાના પર પણ રમુજો કરે છે એમ આપણા જાણીતા હાસ્યકાર રતિલાલ બોરીસાગર તેમના હાસ્ય દ્વારા જીવન દર્શન અંગેના વકતવ્યમાં એકવાર કહેલું તે અત્યારે યાદ એ માટે આવ્યું કે આજે આપણએ એવા જ એક ખુબ જ જાણીતા હાસ્યકાર મધુસૂધન પારેખ 'પ્રિયદર્શી'ના પુસ્તક 'પ્રિયદર્શી'નો મુખ મલકાટ વિશે વાત કરવી છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં આપણને વિષય વૈવિધ્યવાળા ૩૨ જેટલા લેખો મળે છે. તે બધા જ દર બુધવારે ગુજરાત સમાચાર દૈનિકની તેમની કોલમ 'જેની લાઠી તેની ભેંસ' માં પ્રકાશિત થઇ ચુક્યા છે. દિવાળીના દિવસોની દોડધામથી શરૂ થયેલ આ નિબંધોમાં બેસતા વર્ષની બબાલ પણ આવે છે અને કવિતા રચવાના મારા પ્રયોગો નામે વાંચકોને હસાવતો નિબંધ મળે છે. 'અમારી ગાડી' હોય કે 'ટ્રેનમાં રાત્રીની મુસાફરી, ટ્રેનના ડબ્બામાં દૃશ્યો, અણધારી આફત કે પછી શિયાળાની સવારે સ્ટેશન જવા વિષે જેવા વિષયોને લઇ સુંદર રીતે હાસ્ય નિષ્પન્ન કરવાની લેખકે કોશિષ કરી છે તેમાં તે સફળ' પણ રહ્યાં છે. 'શ્રીમાન વિવેચક અને નવોદિત લેખક' કે પછી 'પુસ્તકો શું ફક્ત વાંચવા માટે જ છે?' જેવા વિષયોની સાથે સાથે 'મોંઘી કરકસર', 'પરાધીન સ્ત્રી કે પુરૂષ?' 'મારા નવા બૂટની બબાલ હોય કે પછી ઓફિસની પટાવાળો, અણધારી આફત કે અમારૂં શોપિંગ જેવા વિષયોને પણ સુંદર રીતે મણાવીને લેખકે હાસ્ય ઉત્પન્ન કર્યું છે.




સત્ય નારાયણની કથા, મારી લાકડી, હું દાદાગીરી કરૂં છું, અમારા દાદા, પપ્પા ઇઝ માય બેસ્ટ ફ્રેન્ડ, હવે પછી કોઇનું કામ કરવું નહીં' જેવા નિબંધોમાં નરવા, મિષ્ટ અને રોચક પ્રસન્ન મધુર હાસ્યનો લેખક પરિચય કરાવે છે. આ હળવા નિબંધો એ તેમને પ્રતિષ્ઠા અપાવી છે. તેથી જ તેમને હાસ્ય કથાઓ અને નિબંધો બંનેમાં યશ મળ્યો છે. તેમનાં આ નિબંધોમાં કૌટુંબિક પરિસ્થિતિના મુખ મલકાટ પ્રેરે તેવાં નિરૂપણ છે. એમનું હાસ્ય સામાન્ય રસિક વાચકને તેમ જ સાહિત્ય સર્જકોને પણ પ્રસન્નકર લાગ્યા વિના રહેતું નથી. તેમની કૃતિઓમાં પ્રગટતું હાસ્ય શિષ્ટ, બુદ્ધિને સ્પર્શતું માર્મિક અને માણવું ગમે તેવું હોય છે. કારણ કે મધુસૂદન પારેખ મનુષ્ય - સ્વભાવની લીલાને નિરાંતે નિરખે છે. તેમની લાગણીઓ, તેમના વિચારો અને તેમની એષણાઓ , અસૂયાઓ એ સર્વનો તેમને સારો એવો પરિચય છે.

આ હાસ્ય કથાઓ વિવિધ પ્રકૃતિના, વ્યવસાયના ઉંમરના સ્ત્રી પુરૂષ પાત્રો દ્વારા તે ગુજરાતી પરિવારોની, સમાજની સમસ્યાઓને હળવી કલમે નિરૂપે છે.

એમનું એ નિમિત્તે નિષ્પન્ન થતું હાસ્ય સર્વથા નિખાલસ, પ્રસન્નકર અને સદા સર્વદા મધુર હોય છે. એમનાં કટાક્ષ સૌ કોઇ માણી શકે તેવા નિર્દોષ હોય છે. ઘા કરવાનું તેમની પ્રકૃતિમાં નથી. અને હાસ્યમાં અશિષ્ટતા કે અશ્લીલતાને તે કયાંક ઢુકવા દેતા નથી.

'પ્રિયદર્શનીનો મુખ મલકાટ' પુસ્તકમાં નરવા મિષ્ઠ અને રોચક પ્રસન્ન મધુર હાસ્યનો પરિચય આપણે ઠેર ઠેર મળે છે. એમાંની કથાઓમાં વિવિધ પ્રકારની આકર્ષક ઘટનાઓ, સુરેખ, નિખાલસ અને પોતાની પ્રકૃતિની લાક્ષણિકતાઓ - મર્યાદાઓ અનાયાસે પ્રગટ કરતાં પાત્રો, નિર્દોષ, કટાક્ષયુક્ત હાસ્યની લહેરો પ્રગટાવતાં સંવાદો અને ખાસ તો તેમનો સૂક્ષ્મ વિનોદ વાચકને ખુશ ખુશ કરી દે છે. તેથી લેખકની એક નરવા વિચારક તરીકેની આભા આ પુસ્તકમાં અનુભવાય છે અને હસતા હસાવતાં હાસ્યરસની આ કૃતિઓમાં જીવનનું પ્રતિબિંબ કેવું ઝિલાય છે, તે આપણે અનુભવી શકીએ છીએ.

'પ્રિયદર્શીનો મુખ મલકાટ' પુસ્તકના લેખક મધુસૂદન હીરાલાલ પારેખ 'પ્રિયદર્શી'નું વતન સૂરત છે. પરંતુ તેમનો જન્મ તા. ૧૪-૦૭-૧૯૨૩ ના રોજ અમદાવાદ ખાતે થયો હતો. એમ.એ., પી.એચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવતા આ વિદ્વાન લેખક અમદાવાદની એચ.કે. આર્ટ્સ કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ છે. તેમજ 'બુદ્ધિ પ્રકાશ' સામાયિકના સંપાદક અને ગુજરાત સાહિત્ય સભા અમદાવાદના પ્રમુખ છે. ઇ.સ. ૨૦03 માં ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર અને રણજિતરામ સુવર્ણ ચંદ્રક ઉપરાંત ઇ.સ. ૧૯૭૩માં કુમાર ચંદ્રક તેઓ મેળવી ચુકયા છે. તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક પણ તેમને મળેલું છે. ગુજરાત સમાચારમાં 'હું શાણીને શકરાભાઇ' તેમની ખુબ જાણીતી કોલમ છે. તેમણે વિવેચન અનુવાદ અને બાળ સાહિત્ય ક્ષેત્રે પણ ખુબ મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. તે ઉપરાંત હેન્રી જેમ્સની વાર્તાઓ, નાટ્ય કુસુમો, પ્રિયદર્શીનો પ્રહસનો, શેક્સપિયરની નાટ્ય કથાઓ વિગેરે તેમનાં પ્રકાશનો છે. ગયા વર્ષે હાસ્ય મધુર મધુર બાદ તાજેતરમાં પ્રગટ થયેલું તેમનું આ પુસ્તક પ્રિયદર્શીનો મુખ મલકાટ વાચકોના મુખ પર મલકાટ લાવી દે તેવું છે. તે માટે લેખકને ખુબ ખુબ અભિનંદન!

**પ્રિયદર્શીનો મુખમલકાટ (હળવી નિબંધીકાઓ)**
**લેખક - મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી'**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**રતનપોળ નાકા સામે ગાંધીમાર્ગ, અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**
**પૃષ્ઠ - ૧૫૪, કિંમત - રૂા. ૧૦૦/-**

# આપણે કોઈને સારા શબ્દો બોલીને તેના વખાણ ન કરી શકીએ તો કંઈ નહીં પણ તેને ખરાબ શબ્દો બોલીને તેનું દિલ નહીં તોડવું જોઈએ

**હું રસ્તે રઝળતી વારતા**
**- અયના કમલેશ**

મજાક કરવી તે સારી વાત છે. હંમેશા હસતા રહેવું જરૂરી છે. પણ મજાક એવી ન હોવી જોઈએ કે હસવામાંથી ખસવું થઈ જાય. મજાક હંમેશા નિર્દોષ હોવી જોઈએ. આપણે જયારે બીજાની મજાક કરતાં હોઈએ ત્યારે એ ધ્યાન રાખવું જોઈએ કે આપણી મજાકનું સામેની વ્યક્તિને ખોટું તો નહીં લાગે ને? કોઈની જાતિ, ધર્મ કે અંગત બાબત પર છીછરી લોકોને આવી ટેવ હોય છે. ચાર વ્યક્તિઓમાં પોતાનો વટ પાડવા માટે આવા લોકો ગમે તેવી ગંદી મજાક કરતા અચકાતા નથી.

તમે જો જોજ, તમારી આસપાસ પણ આવા વ્યક્તિઓ મળી રહેશે. દરેક વ્યક્તિની સહનશક્તિની એક હદ હોય છે. આવા વ્યક્તિઓથી તંગ આવીને આવેશમાં ઘણાં લોકો ગાળાગાળી કે મારામારી પર ઉતરી આવતાં હોય છે, પરંતુ આવા લોકોને સીધા કરવાનો એ ઉપાય નથી. આવા માણસોને સીધા કરવા અશકય હોય છે. તેમનાથી બચવાનો એક સીધોસાદો ઉપાય તેમનાથી દૂર રહેવાનો છે. તેમની સાથે તમે બોલો નહીં, તેમને એવોઈડ કરો ત્યારે તે સમજી જશે.

નીલમ, સુહાગ, ગીતા, મિતા, હર્ષા અને મિતેશ કોલેજમાં સાથે ભણતાં હતા. તેઓ એકબીજાના સારા મિત્રો પણ હતા. કોલેજમાં આ છ જણાની ટોળી સાથે જ ફરતી હતી. કોલેજની બહાર સેન્ડવીચવાળાની લારી પાસે તેમની બેઠક હતી. કોલેજથી છૂટીને બધાં ત્યાં ભેગા થતાં, એકબીજાની મજાક ઉડાવતાં, કોલેજની વાતો કરતાં અને કોઈ કોઈ વાર નાસ્તો કરીને છૂટા પડતાં. આ તેમનો રોજનો ક્રમ રહેતો. બધાં મિત્રોમાં મિતેશ સૌથી મજાકિયો હતો. તે બધાની મજાક ઉડાવતો ઘણીવાર તે કોઈને ખોટું લાગે તે પ્રકારની મજાક પણ કરતો.

મિતેશ સૌથી વધારે મજાક નીલમની ઉડાવતો હતો. નીલમ થોડો ઢીલો છોકરો હતો. મિતેશ રોજ બધાની વચ્ચે નીલમની ઉતારી પાડતો. શરૂઆતમાં તો નીલમ મિતેશની મજાકનું ખોટું લગાડતો નહતો, પરંતુ ધીરે ધીરે મિતેશ નીલમની પાછળ પડી ગયો તે જ્યારે મળે ત્યારે તેની મજાક ઉડાવતો. હવે તો તે નીલમ પર જાતીય કોમેન્ટ અને ગંદી મજાક પણ કરવા લાગ્યો હતો. ધીરે ધીરે નીલમને મિતેશ પ્રત્યે નફરત થવા લાગી. ગૃપની મિતેશ માટેની વધતી નફરતે નિલમના સબકોન્સિયસ માઈન્ડમાં દુશ્મનાવટ પેદા કરી દીધી. તેનો આક્રોશ દિવસ દિવસે વધતો જતો હતો.

એક દિવસ કોલેજના બધા મિત્રો રોજની જેમ સેન્ડવીચની લારી પાસે બેઠા હતા. રોજની જેમ મિતેશ ફ્રેન્ડસ તેની મજા લેતાં હસતાં હતા. થોડીવાર તો નીલમ કંઈ બોલ્યા નહીં પણ જ્યારે મિતેશ તેની મર્દાનગીને લઈને વધારે પડતી મજાક કરવા લાગ્યો ત્યારે નીલમથી રહેવાયું નહીં. તેણે મિતેશને વોર્નિંગ આપી છતાં પણ મિતેશ અટકયો નહીં. નીલમ ગુસ્સાથી ઊભો થઈને દોડ્યો કોઈ કંઈ સમજે તે પહેલાં તો તેણે સેન્ડવીચવાળાની છકી ઉઠાવીને રીતેશ પર તૂટી પડ્યો. મિતેશ લોહી લુહાણ થઈને ફસડાઈ પડ્યો. બધાએ તાત્કાલિક તેને હોસ્પિટલ પહોંચાડ્યો, પરંતુ તે બચી શકયો નહીં. નીલમને પોલીસ પકડી ગઈ તેના પર કેસ થયો.

હસવામાં ને હસવામાં બે યુવાનોની જિંદગી રોળાઈ ગઈ. એક જણાએ જીવ ગુમાવ્યો અને બીજાએ જીવન ગુમાવ્યું. નજીવા કારણસર બંનેને સજા થઈ. અતિશયોક્તિમાં મજા નથી. પછી ભલેને તે મજાક કેમ ન હોય! કોઈનું દિલ દુભાય તેવી કોમેન્ટ કે ટીકા-ટિપ્પણીથી હંમેશા દૂર રહેવું જોઈએ. કોલેજમાં ઘણીવાર રેગિંગ થતું. આવા રેગિંગના પરિણામો પણ ઘણીવાર હૈયું હચમચાવી નાખે તેવા આવતાં હોય છે. વાણી સ્વાતંત્ર્યનો અર્થ એવો નથી કે આપણે ગમે તેને ગમે તે બોલીને તેના દિલને ઠેસ પહોંચાડીએ. નાનામાં નાના માણસને પણ સ્વમાન હોય છે. કોઈનું સ્વમાન હણીને તેનું અપમાન કરવાનો આપણને કોઈ અધિકાર નથી.

જો આપણો સ્વભાવ મજાકિયો અને બીજાને ઉતારી પાડવાનો હશે તો તેને આપણે બદલવો પડશે. બીજું કોઈ આપણને હલકા શબ્દોથી નવાજે તો આપણે તે સહન કરી શકીશું? આપણને કોઈ આપણી જાતિ, મા-બાપ કે બહેન-ભાઈ પર ભદ્દી મજાક કરે તો શું આપણે સહન કરી શકીશું? બસ, આપણે જો આટલી વાત યાદ રાખીશું તો જાહેર જીવનમાં આપણે કોઈનું અપમાન નહીં કરીએ કે કોઈની સાથે ઝઘડો પણ નહીં થાય. આપણે કોઈને સારા શબ્દો બોલીને તેના વખાણ ન કરી શકીએ તો કંઈ નહીં પણ તેને ખરાબ શબ્દો બોલીને તેનું દિલ નહીં તોડવું જોઈએ. પિસ્તોલમાંથી છૂટેલી ગોળી અને મુખમાંથી બોલાયેલ શબ્દો પાછા ખેંચાતા નથી.

# ઉજ્જવળ કીર્તિનાં કીર્તિમાન કેવાં હોય?

**ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...**
**- હર્ષદ પ્ર.શાહ**

અચાનક આનંદપુરના કિલ્લામાં ગુરૂ ગોવિંદસિંહ ઘેરાઇ ગયા. સાથે હતા થોડા ભક્ત સૈનિકો. ચારેકોર વિરાટ મોગલ સેના પથરાયેલી હતી અને વારંવાર હુમલા કરતી હતી. ભાગી છૂટવાનો સમય નહોતો. બચવાનો પણ કોઇ ઉપાય નહોતો. ગુરૂ ગોવિંદસિંહે દુશ્મનોને આધીન થવા કરતાં લડી મરવાનું પસંદ કર્યું. તેમના ભક્ત સૈનિકોમાંથી ચાલીસ સૈનિકો આગળ આવ્યા અને હાથ જોડીને કહ્યું, "ગુરૂવર્ય! અમને જવાની રજા આપો."

ગુરૂએ દુઃખભર્યા સ્વરે ધીમેથી કહ્યું, "તમારે જવું હોય તો ખુશીથી જાવ, પરંતુ જતાં પહેલાં તમારે મને તમારા ગુરૂપદમાંથી મુક્ત કરવો જોઇએ અને સૈન્યમાંથી પણ રાજીનામું આપવું જોઇએ."

ચાલીસે સૈનિકોએ રાજીનામાં આપી દીદા અને ગુપ્ત રીતે કિલ્લો છોડી ગયા. ઘરે પહોંચ્યા ત્યારે તેમની પત્નીઓએ, પુત્રીઓએ, માતાઓએ ગુરૂને છોડી આવવા બદલ ફિટકાર વરસાવ્યો. સૈનિકોને પણ ખરા હૃદયથી પશ્ચાતાપ થયો. રણમેદાન છોડીને બચાવેલી જિંદગી મોતથીયે ભીષણ લાગવા માંડી. તેઓ તરત જ પાછા ફર્યા અને કિલ્લે ઘેરીને પડેલી મોગલ સેના પર સંપૂર્ણ ઝનૂનથી ઓચિંતો હૂમલો કર્યો. મોગલ સેના આ ઓચિંતા હુમલાથી ગભરાઇ ગઇ... અને તંબુ છોડીને નાસી ગઇ. પણ આ ચાલીસે વીર સૈનિકો ખપી ગયા. ગુરૂ ગોવિંદસિંહને મોગલ સેનાની પીછેહઠથી આશ્ચર્ય થયું. તેઓ બહાર નીકળ્યા અને પોતાને ત્યજી ગયેલા સૈનિકોને રણભૂમિ પર મૃત્યુના ખોળે સૂતેલા જોયા. તેમની આંખોમાં આંસુ આવ્યા. તેમને નીચા નીમી પ્રત્યેક સૈનિકાના કપાળે ચુંબન કર્યું. માનસિંહ નામનાં એક સૈનિકમાં કંઇક જીવ જોતાં ગુરૂએ પૂછ્યું, "વત્સ! તમારી કંઇ અંતિમ ઇચ્છા છે?"

"અમને ક્ષમા આપો... " "અચકાતા સ્વરે માનસિંહ બોલ્યા, અમારા રાજીનામાં..."

ગુરૂએ તત્કાળ પેલું રાજીનામું ફાળી નાખ્યું અને વીર સૈનિકે શાંતિથી પ્રાણ છોડ્યા.

ઉજ્જવળ કીર્તિનો આધાર દ્રોહ નહીં સત્યપૂર્ણ ભક્તિ હોય છે. સૈનિકોના પરિવારોની નારીશક્તિ એ વાત સારી રીતે સમજતી હતી કે તેમના પતિ-પુત્રોનું ગુરૂભક્તિને કારણે જો સામી છાતીએ લડતાં લડતાં મૃત્યુ થાય તો એમાં જ સહુ કોઇનાં જીવનની મહત્તા છે.

સમાજ ઇતિહાસની કોઇ પણ ક્ષણે ગુણપૂજક રહ્યો છે. ગુણોની પૂજા જ આપણા સમાજની ગરિમા છે. રામ અને રાવણ એ બેમાંથી સમાજ તો રામને જ પૂજે છે. કૃષ્ણના ગુણગાન થાય છે, કંસનાં નહીં, શિવાજી મહારાજનું ચારિત્ર્ય ઉજ્જવળ કીર્તિનું એક અદ્ભૂત કીર્તિમાન હતું. શિવભકત હોવા છતાંય રાજા જયસિંહનું કોઇ કીર્તિસ્મરણ કરતું નથી કારણ કે એ સમાજદ્રોહી - રાષ્ટ્રદ્રોહી હતો. પૃથ્વીરાજ રાઠોડની વીરતા સમાજને સ્પર્શી જાય છે પણ જયચંદ રાઠોડનો દ્રોહ કઠે છે.

જેમણે જેમણે વ્યક્તિગત સ્વાર્થ માટે કે અંગત સત્તાપ્રાપ્તિ માટે સમાજનો દ્રોહ કર્યો છે જેમણે સમાજે માફ નથી કર્યા. આપણા સમાજની આ શ્રેષ્ઠતા છે, ઊંચાઇ છે. જીવનનાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવા માટે રાજગાદી છોડી વનમાં કષ્ટો વેઠનાર રામ જ પ્રજા માટે મહાન છે, સત્તાલોલુપ કૈકયી નહીં, રામની પાદુકાની સાક્ષીએ જંગલમાં એક કુટિરમાં રહી પ્રજાની સેવા કરનાર ભ્રાતૃપ્રેમી ભરત પ્રજાના હૃદયમાં સ્થાન મેળવે છે. ભૂમિશયન કરનાર અને જંગલમાં કંદમૂળ ખાઇ અકબરને હંફાવનાર મહારાણા પ્રતાપ આજે પણ લોકહૃદયના સમ્રાટ છે. સત્યની નિષ્ઠા માટે સ્મશાનમાં ચાંડાળનું કામ કરનારા રાજા હરિશ્ચંદ્ર આજે પણ જનહૃદયનો ધબકાર છે.

> **સમાજના જાગ્રત વર્ગે જ સમાજને દિશા ચીંધવી પડશે, નાના નાના અવરોધોથી ડરી જઇને ઘરના એક ખૂણે બેસી જવામાં બહાદુરી નથી, આદર્શોની પુનઃપ્રતિષ્ઠા માટે પ્રબુદ્ધ વર્ગે ભેખ ધારણ કરી વિહારયાત્રા કરવી પડશે**

આ મૃત્યુ લોકમાં પણ કંઇક અમર છે... અને તે છે સંસ્કાર... બાકીનું બધું જ ક્ષણભંગુર ... સત્તા પણ! સત્તા નાશવંત છે, સંસ્કાર શાશ્વત છે! સમાજ ક્ષણજીવી બાબતોને ક્ષણભરમાં ભૂલી જાય છે, યાદ તો રાખે છે ચિરંતન તથ્યો! જેમ પૈસો જીવન જીવવા માટે આવશ્યક છે, મદદરૂપ છે પણ પૈસો એ જ જીવન નથી... તેમ સત્તા દ્વારા સમાજજીવનની વ્યવસ્થા નિર્માણ કરી શકાય છે. સમાજ ઘડી શકાતો નથી. સત્તા સમાજ માટે આવશ્યક જરૂર છે, સમાજનું સર્વસ્વ નથી અને માટે સમાજનું ચેતનબળ કે ચાલકબળ... જે કહો તે સત્તા કદાપિ ન બની શકે. સંસ્કાર અને માત્ર સંસ્કાર જ ચેતનાનું કેન્દ્ર બની શકે. સત્તા અને સંસ્કાર - જવાળા અને જયોત જેવાં છે. જવાળા અને જયોત : પ્રકાશનાં જ બે સ્વરૂપો છે - છતાં એક બાળે, બીજું ઉજાળે.

(અનુસંધાન પાના નં. ૬ પર)